# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૦૨/૦૨/૨૦૨૫ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૬૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૨૭ લીટર દેશી દારૂ, ૧૬૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૯૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૩૬ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૦૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૬૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાની ચેઈન ઝુટવી લઈ નાસી ગયાઃ –** **સમાચાર યાદી નં.૧૬૬/૨૦૨૫**

**ચાંદખેડાઃ** વિનોદભાઈ રામપ્રકાશ વર્મા (ઉ.વ.૪૫) (રહે. ભુલાભાઈ પાર્ક વિભાગ–૧ માનસરોવર રોડ ચાંદખેડા) તા.૩૧/૦૧/૨૦૨૫ સવારના ૬/૧૫ વાગ્યાના સુમારે એસ.પી.રીંગ રોડ થી ચાંદખેડા માન સરોવર તરફ ચાલતા પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાઈકલ ઉપર આવેલ બે પુરૂષ વિનોદભાઈ વર્માના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૧૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિનોદભાઈ વર્માએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી શરદ વિનોદકુમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૧૬૭/૨૦૨૫**

**માધવપુરાઃ** નિરવસિંહ પરબતસિંહ ચૌહાણ (ઉ.વ.૨૫) (રહે. હરીભાઈની ડહેલું મારવાડી સ્ટોર પાસે પ્રેમ દરવાજા માધવપુરા) એ બિમારીથી કંટાળી તા.૦૧/૦૨/૨૦૨૫ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં પતરા ઉપર લગાવેલ એંગલમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઈ.શ્રી અમિતસિંહ ગુણવંતસિંહ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી